અનુસંધાન પાનાં બેનું

વધારે છે? સાહેબ, એટલું સમજી લેવા જેવું છે કે કુદરતે માનવદેહમાં મૂકેલા જાતીયતાના ‘ટાઈમબોમ્બ બ્લાસ્ટ થાય છે ત્યારે સગપણના સઘળા વાઘા ઊતરી જાય છે. અમેરિકામાં લોકો ગીતા વાંચતા નથી કે રામકથા પણ સાંભળતા નથી. પણ ત્યાં બળાત્કારનું પ્રમાણ નહીંવત્ છે. કેમકે તેમણે ‘દેહગીતાનો અભ્યાસ કર્યો છે.તેમણે માણસની વાજબી જાતીય જરૂરિયાત પર ઈશ્વરભક્તિ કે બ્રહ્મચર્યના મિથ્યા ચોકી પહેરા ઠોકી બેસાડ્યા નથી. ત્યાં પ્રમુખ ઓબામામાં પણ કોઈ નાઈટ ક્લબમાં પોતાની ગર્લફ્રેન્ડ સાથે જોવા મળે તો અમેરિકામાં હાહાકાર મચી જતો નથી. આપણે ત્યાં સ્થિતિ એવી છે કે પાંસેઠ વર્ષનો કોઈ વિધૂર પુનઃલગ્ન કરે તો આખો સમાજ મો મચકોડીને કહે છેઃ ‘લ્યો...!! વાસી કઢીને ઉભરો આવ્યો...! દેશમાં નિત્યાનંદ સ્વામી, નારાયણ સાંઈ કે આસારામબાપુ જેવા કેટલાંય કહેવાતા સાધુસંતોના સેક્સસ્કેન્ડલો પકડાયા છે. સાહેબ, તમે મોટા બીલ્ડરોને ત્યાં ઈન્કમટેક્ષના દરોડા પડાવો છો તે રીતે દેશના કહેવાતા તમામ ‘ધધુપપુઓના આશ્રમમાં દરોડા પડાવો તો ચોંકી જવાય એવી હકીકતો બહાર આવશે. બીજું કાંઈ નહીં તો સૌથી પહેલા એટલું તો અચૂક કરો કે કાયદો અને વ્યવસ્થા સખત બનાવો. ધાર્મિક્તાની વાત જયારે પણ નીકળે છે ત્યારે દરેક રાજકારણીઓ એમ કહીને છટકી જાય છે કે લોકોની શ્રદ્ધાનો આ વિષય છે એથી અમે એમાં હસ્તક્ષેપ ન કરી શકીએ. સાહેબ, લોકોએ હેલમેટ પહેરવી કે નહીં...? ધુમ્રપાન કરવું કે નહીં..? જેવા લોકોના અંગત પ્રશ્નોમાં સરકાર હસ્તક્ષેપ કરી શકતી હોય તો ઉપર ચર્ચ્યા એ બધાં તો લોકોની સુખાકારી માટેના સાચા પ્રશ્નો છે.તેમાં વહીવટીતંત્ર કેમ ચૂપ રહે છે? સાહેબ, જરા વિચારો, હેલમેટ ન પહેરવાનો ગુનો મોટો ગણાય કે સગો બાપ દીકરી પર બળાત્કાર કરે તે ગુનો મોટો ગણાય? dineshpanchal.249@gmail.com
dineshpanchalblog.wordpress.com